# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૬ • તા.૨૫ ફેબ્રુઆરી થી ૦૩ માર્ચ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની
# દિવ્યાંગ સમિતિની યોજના




# દિવ્યાંગ શક્તિને બળ આપનાર
# દાતાઓની અનુમોદના

DON'T

# Compromise!

Portability Benefits Available






## COMPARE, SCRUTINIZE & DECIDE

**Karani**

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY


# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુઃખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિઃસ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદ્દીગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

– જ્ઞાતિમૈયા

# સાચા સુખની શોધ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યક્તિ જેટલું પોતાની પાસે છે એનો અન્ય માટે ત્યાગ કરી શકે એ એની સમૃદ્ધિ છે. પણ પરિગ્રહની પકડ એટલી મજબૂત હોય છે કે કશું આપણાથી છૂટતું નથી. ઘરમાં કોઈ બિનઉપયોગી વસ્તુ પડી હોય તે બીજા કોઈને આપવાનું મન થતું નથી. અગર ભૂલથી અપાઈ ગઈ તો અફસોસનો પાર ન રહે. કદિ કામ આવનાર હતી એનો વસવસો ત્યારે થતો રહે છે. આપણા માટે નકામી, ફાલતુ તરીકે રહેલ ચીજ પણ જો બીજાના હાથમાં પહોંચી ગઈ તો કિંમતી જણસ ખોઈ એવો અફસોસ થયા કરે. આ માનવી માત્રનો સ્વભાવ છે. આપણો સ્વભાવ ત્યાગ કરવાનો નથી. કોઈ આપણી વસ્તુ ચોરી જાય તો પણ ક્રોધ આવવાનો જ. પણ ચોરી કરનારની શું મજબૂરી હતી એનો લેશ માત્ર વિચાર નહીં આવે. આપણે નોકર, ચાકર કે આપણા હાથ નીચે કામ કરનાર પ્રત્યે ઉદાર બની શકતા નથી.

કોઈપણ જાતના સ્વાર્થ અને અપેક્ષા વગર બીજાના ભલા માટે પોતાનાથી બનતું કરવાની ભાવનામાં એક અનેરો આનંદ છે. માનવતા એ મોટો ધર્મ છે. આપણે ગમે તેટલી ભક્તિ કરીએ, તપ, ધ્યાન, ધર્મ કરીએ પણ માનવજીવ પ્રત્યે પ્રેમ, દયા અને કરૂણા ન હોય તો તેનો કોઈ અર્થ નથી.

ભય અને ભવિષ્યની ચિંતાને લીધે પરિગ્રહનો સ્વભાવ સ્વભાવમાં જકડાઈ રહે છે. આજ કરતાં આવતી કાલની ચિંતા હોવાથી જિંદગીની સુખ માટેની દોટ છે તે ભવિષ્યમાં સલામતી માટે છે. જેટલું મેળવી શકાય, ભેગું કરી લેવો એ સ્વભાવ બની જાય છે. મન, મસ્તક, હાથ અને પગ આજે ચાલે છે ત્યારે જેટલું થાય એટલું વધુ સંચય કરી લઈએ જેથી પછી ભવિષ્યમાં ચિંતા કરવી પડે નહીં. આનંદ, મોજ, મજા પછી માણીશું એવી સ્વાર્થી વૃત્તિ સ્વભાવમાં વણાઈ જાય છે. આમ લોભ, લાલચ અને વધુ મેળવવાની લાલસા વૃધ્ધાવસ્થામાં પણ છૂટતી નથી. ભવિષ્યમાં કામ લાગે એક કાળજી કરવામાં એવી તજવીજ કરવામાં આજનું સુખ છીનવાઈ જાય છે.

પરિગ્રહના કારણે મોહ, લોભ અને આસક્તિ ઊભી થાય છે. માણસને જીવવા માટે, સુખેથી રહેવા માટે બહુ સાધનોની જરૂર પડતી નથી. પણ સુખના સાધનો પ્રાપ્ત કરવાના લોભમાં સંચય કરવામાં આખી જિંદગી ખપી જાય છે. સુખ આનંદ છૂટી જાય છે. ધન, દોલત અને સગવડો સાથે સુખને કોઈ સંબંધ નથી. કેટલાકને આ બધું મળ્યું હોવા છતાં અસુખ રહ્યાં કરે છે. ઈચ્છા અને તૃષ્ણાનો કોઈ અંત નથી. જે છે તેનો આનંદ માણવો જોઈએ પણ એનો અર્થ એ નથી કે પુરૂષાર્થ ન કરવો. દરેક સુખ મેળવવા માટે મહેનત કરવી જરૂરી હોય છે પણ આંધળી દોટ મૂકવાની જરૂર નથી. ખોટા માર્ગે જવાની જરૂર નથી. મહેનત કર્યા છતાં સારૂં પરિણામ ન મળે, ધારી સફળતા ન મળે તો નિરાશ થવાની પણ જરૂર નથી. પોતાની પાસે રહેલ સાધનોમાં જ આનંદ સુખ અને સંતોષ માનવો એ સાચું સુખ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના દિવ્યાંગ શક્તિને બળ આપનાર દાતાઓની અનુમોદના

કુંડીઓ દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

**શિરીષભાઈ દેવજી નાગડા - મનિષાબેન શિરીષ નાગડા**

રંગપુર, કોઇમ્બતુર

**લગ્ન ના ૫૦વર્ષ ની ખુશાલી નિમિતે**

હસ્તે : રાહુલ શિરીષ નાગડા - આરતી રાહુલ નાગડા, બેંગલોર
સંદિપ શિરીષ નાગડા - ડેબોરા સંદિપ નાગડા, ગોઆ



## દિવ્યાંગ પાલક

## Rs. 50,000

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

## હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના

રંગપુર, કોઈમ્બતુરના શિરીષભાઈ દેવજી નાગડા અને શ્રીમતી મનિષાબેન શિરીષ નાગડા એક ખુશ કિસ્મત દંપતી છે. જેઓ ઈતર વ્યક્તિના દુઃખ, દર્દ ને પીડાને પોતાની જાણી હૃદયમાં કરૂણા ભાવ ધરાવી. પુત્ર-પુત્રવધૂઓ રાહુલ શિરીષ નાગડા, આરતી રાહુલ નાગડા, બેંગલોર અને સંદીપ શિરીષ નાગડા, શ્રીમતી ડેબોરા સંદીપ નાગડા, ગોવાના હસ્તે રૂા.૫૦ હજારનું અનુદાન નોંધાવી દિવ્યાંગ પાલક થયાં છે. આ યોજનામાં જોડાઈ એક દિવ્યાંગ એક દિવ્યાંગ એક વર્ષ માટે દતક લીધેલ છે.

આ ઉદાર વિચારને અમલમાં મૂકી શિરીષભાઈ અને શ્રીમતી મનિષાબેન નાગડાએ સહજીવનની સુર્વણ વર્ષગાંઠને સોનેરી શિખર પ્રદાન કર્યું છે. આ ઉમદા ભાવ સૌને માટે પ્રેરક બની રહે એવો છે. જેની દિવ્યાંગ સમિતિ ભવ્ય ભાવથી અનુમોદના કરે છે અને દંપતિના ભવ્ય ભાવને વંદન કરે છે.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના
# દિવ્યાંગ શક્તિને બળ આપનાર દાતાઓની અનુમોદના

કંડીઆો દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે.
નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ
ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં,
પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની
પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.

## એક સાધર્મિક પરિવાર તરફથી

## દિવ્યાંગ પાલક

## Rs. 50,000

**એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક**

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ જે જ્ઞાતિના વિશિષ્ટ કેટેગરીમાં આવતા કુદરતની અધૂરો અનુરાગ પામનાર છતાં હિંમત અને મક્કમતાથી જિંદગી સામે કોઈપણ હાલમાં લડી લેવાનો ઝઝબો ધરાવતા જ્ઞાતિજનોને ટેકો અને બળ આપવા માટે દિવ્યાંગ પાલક યોજના સંચાલિત કરે છે. દાતાઓ જે પોતાનું અનુદાન નોંધાવે છે એ ભંડોળનો ઉપયોગ દિવ્યાંગજનોને અમૂલ્ય આધાર બળ આપે છે. શારીરિક ઉપરાંત માનસિક પડકાર સામી છાતીએ ઝીલી પોતાની સાથો સાથ સમગ્ર પરિવારના આધારરૂપ બને છે. સમયાંતરે દાતાઓ આ સમિતિનો આર્થિક તાકાત બક્ષે છે.

પોતાની ઓળખ અજ્ઞાત રાખી ગુપ્તપણે એક સાધર્મિક પરિવારે રૂ.૫૦ હજારનું અનુદાન આપી દિવ્યાંગ પાલક બની એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક લીધેલ છે. આમ અસમર્થ વ્યક્તિને આધાર આપવાનો બીડું તેમણે સહર્ષ

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના દિવ્યાંગ શક્તિને બળ આપનાર દાતાઓની અનુમોદના

સ્વીકાર્યું છે.

સ્વ.દીપક કલ્યાણજી ખોના કોઠારા, કરાડના સ્મરણાર્થે હસ્તે તેમના ભાઈઓ તથા બહેનોએ રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન આપ્યું છે. જ્યારે અન્ય એક સાધર્મિક પરિવાર પોતે અજ્ઞાત રહી રૂા.૨૫ હજારનું દિવ્ય દાન આપ્યું છે તો ત્રીજા ઉદાર દિલ ગં.સ્વ.સરલાબેન જવેરચંદ લોડાયા, નલિયા-ચેમ્બુર રૂા.૧૫ હજાર નોંધાવી. દિવ્યાંગ શક્તિના આધાર રૂપ બન્યાં છે.

ચારે દાતા પરિવારની દિવ્યાંગ સમિતિ અન્યો પ્રત્યે કરૂણા બતાવી દિલેરી દર્શાવી છે તેની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.









# સંજીવની યોજનામાં ડાયમંડ પેટ્રોન થઈ લગ્નજીવનના ૫૦ વર્ષને સુવર્ણમય બનાવનાર નાગડા દંપતીના ભાવને શત શત સલામ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## શિરીષભાઈ દેવજી નાગડા - મનિષાબેન શિરીષ નાગડા

રંગપુર, કોઇમ્બતુર

## લગ્ન ના ૫૦વર્ષ ની ખુશાલી નિમિતે

હસ્તે : રાહુલ શિરીષ નાગડા - આરતી રાહુલ નાગડા, બેંગલોર
સંદિપ શિરીષ નાગડા - ડેબોરા સંદિપ નાગડા, ગોઆ

**સંજીવની ડાયમંડ પેટ્રોન Rs. 1,00,000**

ઉજવણી અનેક પ્રકારે થઈ શકે છે. પોતીકી ખુશીની ખુશ્બૂ અન્યોના જીવનમાં પાથરનાર વીરલા હોય છે. સ્વ માટે આનંદની ક્ષણે ક્ષણે સર્વેના સુખ અને આનંદનો ખ્યાલ રાખનાર માનવજીવના ખરા મસીહા હોય છે. રંગપુર-કોઈમ્બતુરના શિરીષભાઈ દેવજી નાગડા અને શ્રીમતી મનિષાબેન શિરીષ નાગડા લગ્નજીવની ૫૦મી વર્ષગાંઠ અનોખી રીતે ઉજવાનો ભાવ હૈયે રાખી સ્વજન સંતાનો પુત્ર પુત્રવધૂ રાહુલ શિરીષ નાગડા, શ્રીમતી આરતી રાહુલ નાગડા બેંગલોર અને સંદીપ શિરીષ નાગડા, શ્રીમતી ડેબોરા સંદીપ નાગડા, ગોવાના હસ્તે રૂા.૧ લાખનું ઉદાર અનુદાન સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયા છે. પરોપરકારનો પર્યાયી શબ્દ છે પારકાની ભલાઈ. જે મનુષ્યનો ઉત્તમ માનવ ધર્મ છે. નાત, જાત, પારકા પરાયા ન જોઈ માત્ર બીજાની ભલાઈ જ કરવી છે એવો ભાવ ધરાવનાર દુર્લભ માનવીય ગુણોનો ભંડારી છે એ ઉક્તિ સાર્થક કરનાર નાગડા દંપતી અને સમસ્ત પરિવારની ભરપૂર અનુમોદના.

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

HOME LOAN
*7.49%
(p.a.)

CAR LOAN
*7.49%
(p.a.)

eAUTO LOAN
*7.49%
(p.a.)

GOLD LOAN
*7.70%
(p.a.)

LOAN AGAINST PROPERTY
*7.75%
(p.a.)

LOAN AGAINST INSURANCE POLICY
*7.75%
(p.a.)

TRADE LOAN
*8.50%
(p.a.)

* Terms & Conditions Apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
| --- | --- |
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# કોઠારા તીર્થે પધારેલા અચલગચ્છાધિપતિ શ્રી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. કોઠારા તીર્થે પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્યાતિભવ્ય સામૈયું કરાયું હતું.

ઢોલ-શરણાઇના સુમધુર સૂરો, શણગારેલા બેડા, ગહુલીઓ, સાફાધારી શ્રાવકો, બાંધણીમાં સજ્જ શ્રાવિકાઓ, દુપટા, જિનશાસન ટોપીથી સજ્જ યુવાનો, ધ્વજા-પતાકા સાથે અચલગચ્છાધિપતિશ્રી તથા શ્રમણવૃંદનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સામૈયામાં મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દિનેશ અજાણી, પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદિપ મુનવર, વર્ધમાન લોડાયા, રતિલાલ નાગડા, મહેન્દ્ર લોડાયા, દિનેશ ધરમશી, હીરાલાલ જીવાણી તથા ગામો ગામનાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રેમચંદભાઇ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં  કોઠારા જિનાલય બંધાવનાર શેઠ શ્રી શીવજી નેણશી, શેઠ શ્રી વેલજી માલુ, શેઠ શ્રી કેશવજી નાયકની અંતરની ભાવનાઓને બિરદાવી અદ્‌ભૂત જિનાલયની રચના અને તેનો ઇતિહાસ વર્ણવ્યો હતો. કોઠારા જિનાલય જીર્ણોદ્ધાર કાર્ય સારી રીતે પરિપૂર્ણ થાય અને ઇતિહાસની સાક્ષીપૂરક આ જિનાલય દર્શનાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહે તેવી પ્રાર્થના કરી હતી.

અચલગચ્છાધિપતિશ્રી કોઠારા જિનાલયનાં જીર્ણોદ્ધાર કાર્ય માટે ઉદાર હાથે અનુદાન લખાવવા શ્રી સંઘોને પ્રેરણા કરી હતી.

મહાજનશ્રીનાં ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ અજાણીએ જીર્ણોદ્ધાર કાર્યને વેગવંતુ બનાવવા સાથે કોઠારા ગામે અગાઉ થઇ ગયેલા અચલગચ્છાધિપતિશ્રીઓ, બંને  આચાર્યોનાં ચાતુર્માસોની યાદ અપાવી હતી. રમીલાબેન લોડાયા તથા તોરલબેન આવકાર ગીત રજૂ કરેલ. તોરલબેન શાહનંદે પ્રાસંગિક રજૂ કર્યું હતું. સંધ્યા ભોજન માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં પનુભા ધલ, ગીરીશ મોમાયા, સ્થાનિક ભાઇ-બહેનોએ સહકાર આપ્યો હતો.





# કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનામાં ફેરફાર

**જુની સ્કીમ**

**૫૫ વરસ ની વય સુધી મ્યુચ્યુઅલ બેનીફીટ કવર**

**નોર્મલ અવસાન- રૂ. ૭૫,૦૦૦/-**

**અકસ્માત અવસાન - વધારા ના રૂ. ૭૫,૦૦૦/-**

૫૫ વરસ ની વય બાદ ડીપોઝીટની રકમ રૂ ૧૦૦૦/૨૦૦૦ જે પણ ભરી હોય તે દર સાત વર્ષ ની સભ્યપદ મુદત ના ૨૫% પ્રમાણે (મહતમ ૧૦૦%) બોનસ સહીત પરત.

**નવી સ્કીમ (૧.૪.૨૦૨૩ થી)**

**૫૫ વરસ ની વય સુધી મ્યુચ્યુઅલ બેનીફીટ કવર**

**નોર્મલ અવસાન-રૂ. ૧.૦૦ લાખ**

**અકસ્માત થી અવસાન-વધારાના રૂ. ૧.૦૦ લાખ**

૫૫ વરસની વય બાદ રીટાયર. રિફંડ-કંઈ પણ નહીં

-----------------------------

**જુના સ્પોન્સર્ડ સભ્યો ને નવી સ્કીમ જ લાગુ પડશે.**

નોન સ્પોન્સર્ડ સભ્યોને અમારી વિનંતી છે કે નવી સ્કીમ માં રૂ. ૧.૦૦ લાખના કવરનો લાભ લો. છતાં પણ કોઈ આવા સભ્યોને જુની સ્કીમમાં ચાલુ જ રહેવું હોય તો તા. ૩૧.૦૩.૨૦૨૩ સુધીમાં નીચે આપેલ લખાણ મુજબ પત્ર લખી, સહી કરી દીપક ગંગાજર ડાઘા ને ૮૭૬૭૭૫૩૦૮૨ પર વોટ્સઅપ કરવું. સાથે મેમ્બર શીપ સર્ટિફિકેટ પણ વોટ્સએપ કરવી.

– દીપક ગંગાજર ડાઘા મુલુંડ (પ્રમુખ કેડીઓ વેલ્ફેર એસોસિએશન)

## કેડીઓ વેલ્ફેર એસોસિએશન ની સામાજિક સુરક્ષા યોજના ની જુની સ્કીમ માં ચાલુ રહેવા આવેદન પત્ર ફોર્મ

**પ્રેષક**

-------------------------------------

-------------------------------------

મો. નં. ------------------

પ્રતિ,

**સેક્રેટરી**

કેડીઓ વેલ્ફેર એસોસિએશન

હૈદરાબાદ.

મહોદય,

**સામાજિક સુરક્ષા યોજના,**

હું સામાજિક સુરક્ષા યોજના નો નોન સ્પોન્સર્ડ સભ્ય છું. મારી મેમ્બર શીપ સર્ટિફિકેટ નં.............. તા............... છે.

મને ૫૫ વરસની વય પછી બોનસ સહીત ડીપોઝીટ ની રકમ પરત મળે એવી જુની સ્કીમમાં ચાલુ રહેવું છે. હું જાણું છું અને સંમત થાઉં છું કે મારા માટે નોર્મલ તથા અકસ્માતના મ્યુચ્યુઅલ બેનીફીટ કવરની રકમ રૂ. ૧.૦૦ લાખને બદલે ૭૫,૦૦૦/-સુધી સિમિત રહેશે.

મને ખ્યાલ છે કે ભવિષ્યમાં મને ઓપ્સન બદલવા મોકો નહીં મળે.

**તમારો વિશ્વાસુ**

**(સહી-નામ)**

**તારીખ**

# સાંધાણ તીર્થે પધારેલા અચલગચ્છાધિપતિશ્રીનું ભાવભેર સ્વાગત કરાયું



અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ શિષ્ય પરિવાર સહ  અબડાસાનાં પ્રવેશ દ્વાર સમા અબડાસા મોટી પંચતીર્થીનાં સાંધાણ તીર્થે પધારતાં શ્રી સાંધાણ જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે ઉષ્મા ભર્યું સ્વાગત કરવામાં આવેલ.

ઢોલ-શરણાઇ, શણગારેલી કચ્છી વેલ, ઘોડેશ્વારો, ધ્વજા, પતાકા, બેનર, બેડા, ડુપટા ધારી કચ્છી ટોપીથી સજ્જ શ્રાવકોએ પૂજ્યશ્રીને આવકાર અપાયો હતો.

સ્વાગત યાત્રામાં ટ્રસ્ટીશ્રી કિર્તીભાઇ ધરમશી, દીનેશભાઇ ધરમશી, સંજય મૈશેરી, વિરાજ મૈશેરી, નિખીલ મૈશેરી તથા જયેશભાઇ સોનાવાલા, રાયચંદભાઇ લોડાયા, ગુલાબ ધરમશીં, નીતીન ધરમશીં, અશોકભાઇ મોતા, ગુલાબભાઇ છેડા, હીરાચંદ છેડા, અનીલ ડાઘા, કલ્યાણજીભાઇ ડાઘા, તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ્રબોધ મુનવર, પ્રેમચંદ મોમાયા, રતીલાલ ધ્રોળે, ધાર્મિક નારાઓ સાથે સ્તવનોની રમઝટ જમાવી હતી.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં જણાવ્યું હતું કે, શત્રુંજયનાં પગથિયા ચડાતા નથી પણ ચડાઇ જાય છે બસ એજ સાચી શ્રદ્ધા છે. આત્મકલ્યાણ સાથે અનંતા આત્માનો પણ ઉદ્ધાર થાય છે. ઉચું અને સાદું જીવન જીવવા સમજ આપી હતી. સાંધાણ નવટૂંક તીર્થનું ગૌરવ વધે તેવા પ્રયત્નો ટ્રસ્ટ બોર્ડ કરી રહેલ છે. શ્રદ્ધા નિર્મલ બને અને સર્વે ભવસાગર તરો તેવા આર્શિવાદ પાઠવ્યા હતા.

કામળી અને ગુરૂપૂજનનો લાભ રાયચંદભાઇ ઠાકરશી નાગડા, જયેશભાઇ નાગડા સર્વે પરિવારજનોએ લીધેલ. સંઘપૂજન શ્રી સાંધાણ જૈન સંઘ દ્વારા કરવામાં આવેલ. આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લીલબાઇ દામજી શામજી ધરમશી પરિવાર હસ્તે શ્રીમતી જયાબેન શાંતિલાલ લોડાયા સાયરા-ગાંધીધામ-મુલુંડ પરિવારે લીધેલ.

કાર્યક્રમનું સંચાલન કીર્તિભાઇ ધરમશીએ કરેલ. વ્યવસ્થામાં કાન્તીલાલભાઇ લાલકા, નવીન ધરમશી, ભીખેશ લોડાયા, સિદ્ધાર્થ લાલકા, મેહુલ ધરમશીએ સહકાર આપેલ.





# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા મુંબઈમાં ૩૩મી પહેડીનું આયોજન

તા.૨૨ માર્ચ બુધવાર ગુડીપડવા દિને શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા શ્રી ભલારાદાદાની ૩૩મી પહેડી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપર ઈસ્ટ મધે બપોરના ૩ થી રાત્રે ૯ વાગ્યા સુધી રાખેલ છે. પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબતભાઈ ડાઘા વરાડિયા, માટુંગા હસ્તે શ્રીમતી હસુમતી હીરાલાલ ડાઘા, ચિ.ધ્વનિ દીપ ધરમશી, મોનાલી હીરાલાલ ડાઘા, ચિ.હરિધા દીપ ધરમશી.

નોંધ : આ પહેડી દડિયા પ્રસાદ રહેશે. પહેડીમાં સર્વે ભાવિકોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ. શ્રી ભલારદાદા ટ્રસ્ટ લાલપુરના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા અપાયું છે.

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. મોબાઈલ : ૮૧૬૦૧ ૦૭૦૭૧

મુંબઈ ઓફીસ : યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા આયોજીત ૩૩ મી પહેડી

**ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા બુધવાર તા.૨૨-૩-૨૦૨૩ના સાંજના ૪ થી રાત્રે ૯ સુધી**

**પહેલી આરતી સાંજના ૫.૩૦ વાગે, બીજી આરતી રાત્રે ૮.૩૦ વાગે**

**ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે રાખેલ છે.**

## આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને ભાવપૂર્વક પધારવા આમંત્રણ

## ૩૩મી પહેડી લાભાર્થી પરિવાર

**માતુશ્રી ચંપાબાઈ હંસરાજ પરબત ડાઘા (વરાડીયા, માટુંગા)**

**હસ્તે શ્રીમતી હસુમતી હીરાલાલ ડાઘા, ચી. ધ્વની દિપ ધરમશી, મોનાલી હીરાલાલ ડાઘા, ચી. હરિધા દિપ ધરમશી**

## ફક્ત દડિયા પ્રસાદ રહેશે

## લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

**શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૪,૫ અને ૬ એપ્રિલ ૨૦૨૩ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.**

**ત્રિદિવસીય ભોજનના લાભાર્થી પરિવાર**

માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા પરિવાર (રાપરગઢ-ભાંડુપ)

માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર (કુવાપધ્ધર-હૈદ્રાબાદ)

હસ્તે જયશ્રીબેન ભરત પદમશી મોતા

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# સાંધવ ગામે નવી શાળા તેમજ શેઠ મૂલજી રાઘવજી લોડાયાની સ્મૃતિમાં શાળાના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરાયું





અબડાસા તાલુકાના સાંધવ ગામની પ્રાથમિક શાળાના ચાર નવા ઓરડા તથા મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે પ્રવેશદ્વારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સરકારની ૧.૪૪ કરોડની ગ્રાંટમાંથી બનેલી નવી શાળા તથા સાંધવના શેઠ મૂલજી રાઘવજી લોડાયાની સ્મૃતિમાં શાળાના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ધારાસભ્યે શિક્ષણ અને ખેતી ઉપર ભાર મૂકી આ વિસ્તારની પ્રગતિ તથા સરકારનાં કામોની વાતો કરી હતી.

મુંબઇથી જયશ્રીબેન દંડ, કાંતિલાલ દંડ, દિનેશભાઇ લોડાયાએ હાજરી આપી હતી.

અબડાસા મામલતદાર ચૌધરીએ હાજર રહી શાળા પરિવારને શુભેચ્છા આપી હતી.

જિ. પં. સદસ્ય પુરૂષોત્તમ મારવાડા, ભાજપ પ્રમુખ મહેશ ભાનુશાલી, મહામંત્રી જયદીપસિંહ જાડેજા, અરવિંદ શાહ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા મહાવીરસિંહ જાડેજા, તાલુકા જયદેવસિંહ જાડેજા, એ.ટી.વી.ટી. સભ્ય નરપતસિંહ સોઢા, આજુબાજુના ગામોના સરપંચો, શિક્ષણ વિભાગમાંથી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.કે.પરગડું, બી.આર. સી. રામસંગજી, ભુજ નગરપાલિકા લખધીરસિંહ જાડેજા, કાઉન્સિલર મનુભા જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા વગેરે આગેવાનોએ હાજરી આપી હતી.

સરપંચ જયવીરસિંહ જાડેજા, ઉપસરપંચ મહમદ હુસેનભાઇ, માજી સરપંચો પ્રતાપસિંહ સોઢા, હુસેન હિંગોરા, જુણસ હિંગોરા, હરિશચંદ્રસિંહ, પૃથ્વીરાજસિંહ, દિનેશભાઇ, સુલેમાનભાઇ, ગાભુભા, લહેરચંદ ખોના વગેરે ગ્રામજનોએ સહયોગ આપ્યો હતો. સંચાલન શાળાના આચાર્ય કિશોરસિંહ જાડેજાએ કર્યું હતું. રામશિભાઈ, બિપિનભાઈ, જયદીપસિંહ, જુવાનસિંહ, વિક્રમસિંહ, મયૂર ગોરે આયોજન સંભાળ્યું હતું.

# શ્રી કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા મહારાષ્ટ્ર એકમ કે સૂર સમ્રાટ ઓનલાઈન મ્યૂઝિક ફેસ્ટીવલનું આયોજન

તા.૧૭ માર્ચ શુક્રવાર રાતે ૮ થી ૧૦ દરમ્યાન વોટસઅપ ગ્રુપ ઉપર શ્રી કે. ડી.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા સૂર તાલ અને સંગીતની ઓનલાઈન મ્યૂઝિક મહેફિલમાં ટેલેન્ટેડ સિંગરની પ્રતિભા કસોટીની એરણે ચડશે. કોમ્પિટિશન રૂલ મુજબ બોલીવુડ સોંગ્સ હિન્દી, ગુજરાતી અથવા મરાઠી ભાષામાં રજૂ થઈ શકશે. ટાઈમ મર્યાદા ૨ થી ૪ મિનિટ, મ્યૂઝિક વગર અથવા કરાઓકે મ્યૂઝિકની સંગાથે અથવા કોઈપણ ઈતર મ્યૂઝિક વાંજીત્રનો સાથ લઈ, બેસ્ટ મેલ સિંગર અને બેસ્ટ ફિમેલ સિંગર કેટેગરીમાં વિજેતાને ઈનામ અપાશે. વધુ વિગત તથા રજીસ્ટ્રેશન માટે ખુશાલ મૈશેરી-૮૦૮૭૯૯૩૩૫૧નો સંપર્ક કરવો. આ સ્પર્ધા વિશેની માહિતી વિવિધ વોટસએપ ગ્રુપમાં પ્રસાર કરશો.



# સુથરી મહાતીર્થે પધારેલા અચલગચ્છાધિપતિ શ્રી મ.સા.નું વાજતે ગાજતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા., પોતાના શિષ્ય પરિવાર સહિત અબડાસા મોટી પંચતીર્થીનાં સુથરી મહાતીર્થે પધારતાં શ્રી સુથરી જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે શાનદાર સ્વાગત કરવામાં આવેલ.

શણગારેલા બેડા, સાફાધારી શ્રાવકો, દુપટા, ધ્વજા, પતાકા, સ્વાગત યાત્રાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. સુથરી પ્રવેશ દ્વાર પાસેથી સ્વાગત યાત્રા શરૂ થઇ હતી જે જિનાલયે પહોંચી હતી. પ્રબોધ મુનવર, પ્રેમચંદ મોમાયા, અભય ધરમશી, રતિલાલ ધ્રોળે નારાઓ બોલાવ્યા હતા. દર્શન-ચૈત્યવંદન બાદ ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં સુથરી મહાતીર્થનાં કલાત્મક જિનાલયનો ઇતિહાસ વર્ણવી શ્રેષ્ઠીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી. દંતાણી તીર્થ અને કોઠારા તીર્થનાં જીર્ણોદ્ધાર કાર્યમાં ઉદાર હાથે અનુદાન આપવા પ્રેરણા કરી હતી.

સ્વાગત યાત્રામાં ટ્રસ્ટી અશોકભાઇ મોતા, ગુલાબભાઇ છેડા, તેમજ રમેશભાઇ ધુલ્લા, હીરાચંદ છેડા, અનીલ ડાઘા, દિલીપ સાયલા, કિશોર છેડા, કલ્યાણજીભાઇ ડાઘા, કાંતાબેન પાલાણી, ભાવનાબેન જૈન, હીરબેન ધરમશી સાથે ગામો ગામનાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. કામળી વહોરાવવાનો લાભ શ્રી સુથરી જૈન સંઘે જયારે ગુરૂપૂજનનો લાભ માતુશ્રી વિજયાબેન વેરશીં માયા મોતા પરિવાર, માતુશ્રી હીરાબાઇ હંસરાજ નરશી મોમાયા પરિવાર, માતુશ્રી તેજબાઇ વિશનજી ઘેલાભાઇ છેડા પરિવારોએ જયારે નવકારશીનો લાભ તેજબાઇ વિશનજી છેડા પરિવાર તથા સાધર્મિક ભક્તિનો લાભ વિજ્યાબાઇ વેરશી માયા, હીરાબાઇ હંસરાજ મોમાયા પરિવારે લીધેલ. કાર્યક્રમનું સંચાલન જીગ્નેશ છેડાએ કરેલ. વ્યવસ્થામાં સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સાથ સહકાર આપ્યો હતો.

# સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ સંચાલિત ધન્વંતરી યોજનાના શુભેચ્છક સમર્થકની ભાવનાની અનુમોદના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની જ્ઞાતિના વરિષ્ઠ વડીલજનની સંભાળ કાળજી લેતી સ્વાભિમાન સમિતિની ધન્વંતરી યોજનાના કાર્યોની સરાહના અને તેના પરિણામોના પુરસ્કારિતા કરી અ.સૌ. જ્યોતિબેન કીર્તિભાઈ ધનજી ધરમશી સુથરી બેંગ્લોર હસ્તે કીર્તિભાઈ ધનજી ધરમશી રૂા.૧૨,૦૦૦નું અનુદાન આપી ધન્વંતરી સમર્થક તરીકે જોડાયા છે. દાતાની ઉદાર ભાવનાને બિરદાવી અનુમોદના... અનુમોદના... અનુમોદના...



# શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી





ગ્રુપની નવી સમિતિના સભ્યો

નવી સમિતી હોદેદારો

વરંડી મોટી સ્થાનકે બિરાજમાન કુળદેવી સચ્ચાઈ માતાજી, ભલારા દાદા તથા ક્ષેત્રપાળ દાદાની અસીમ કૃપાથી તા.૨૬ ફેબ્રુઆરીને રવિવારે સવારે ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી ભાણજી લોડાયા, વરંડી મોટી સમસ્ત પરિવાર ના સૌજન્યથી ૧૩મી સમૂહ પહેડીનું આયોજન કુકરેજા મીની હોલ, ભાંડુપ ખાતે ભાવિકોના અદમ્ય ઉત્સાહ સાથે સંપન્ન થયું. ભૂવા શ્રી મનોજભાઈ ડી.શાહના દર વર્ષે મળી





શ્રી મનોજભાઈનું સન્માન

અનંત મિત્ર મંડળ,ભાંડુપના સભ્યો સાથે

રહેતા માર્ગદર્શને તથા દર વર્ષની જેમ શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપના કાર્યકરોના સથવારે સંગીતની સુરાવલીએ ઉજવવામાં આવેલ. પહેડી દરમ્યાન દર વર્ષની જેમ શ્રી મણીલાલભાઈ દેવશીના પ્રમુખપદે સભાનું આયોજન કરાયેલ. ગત વર્ષની સભાના મિનટ્સનું વાંચન રમેશ લોડાયા દ્વારા રજૂ કરાયેલ જેને





માતાજી, ભલારા દાદા, ક્ષેત્રપાળ દાદા

શ્રી ગણેશજી સ્થાપના

# શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી

સર્વે ભાવિકોની સંમતીએ સર્વાનુમતે મંજૂર કરાયેલ. વર્ષ દરમ્યાન થયેલ આવક-જાવકનો આછેરો ખયાલ આપવામાં આવેલ. આવતા વર્ષની શિખરની ધ્વજાનો આદેશ માતુશ્રી મણીબેન સ્વરૂપચંદ છેડા, તેરા-મુંબઈ હસ્તે નીતિનભાઈ તથા માતુશ્રી ચંદનબેન દેવશી લોડાયા, વરાડિયા ઘાટકોપર પરિવાર હસ્તે



પહેડી દાતા પરીવારનું બહુમાન



વસંતભાઈ પીરનું બહુમાન

મણીલાલભાઈ દેવશી શાહ પરિવારને સંયુક્ત રૂપે અપાયેલ તેમ જ ઘુમ્મટની ધ્વજાનો આદેશ માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી ભાણજી લોડાયા, વરંડી મોટી સમસ્ત પરિવાર હસ્તે અનીશ દિનેશભાઈ શાહને અપાયેલ. આજની પહેડી ના દાતા પરીવારનું ગ્રુપ વતી સન્માન થયેલ તથા તાજેતરમાં પાલીતાણા ખાતે યોજાયેલ ૯૯ યાત્રામાં ભાવિક ભાઈ શ્રી હીરાભાઈ કેશવજી પીર, બાયઠ - ભાંડુપ જેઓ પૂર્વ જન્મના કર્મોની કઠીણાઈએ આ ભાવે ચક્ષુહીન હોવા છતાં સ્વ મનોબળ અને બાંઢીયાના શ્રી લહેરચંદભાઈ દામજી લોડાયાના સંપૂર્ણ સહકારથી ચોવિહારી છઠ સહ ૧૦૮ યાત્રા કરેલ તેમ જ વર્તમાનમાં ૫૩મી આયંબિલ ઓળી ચાલી રહી છે એમનું ગ્રુપ ભાવિકો દ્વારા બહુમાન કરી તપની અનુમોદના કરવામાં આવેલ. ધ્વજાનો આદેશ લેનાર પરિવારોની તિલક કરી અનુમોદન કરવામાં આવેલ.

ગ્રુપની નવી સમિતિનું ગઠબંધન

**પ્રમુખ : શ્રી હિરેન સોમચંદ લોડાયા, વરાડીયા-વડોદરા**

**ઉપ પ્રમુખ : શ્રી ઝવેરચંદ કેશવજી પીર, બાયઠ-ભાંડુપ**

**માનદ મંત્રી : શ્રી ખંતિલ વીરચંદ લોડાયા, મંજલ-ડોમ્બીવલી**

**ખજાનચી : શ્રી અનીશ દિનેશ લોડાયા, વરંડી મોટી-ભાંડુપ**

**કમિટી સભ્યો : શ્રી ધૈર્ય રમેશ લોડાયા અને શ્રી હિરેન પ્રફુલ લોડાયા**ની નિયુક્તિ કરવામાં આવેલ.

બધા સભ્યોને અભિનંદન આપી તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ.

અવિરત સેવા આપવા બદલ **શ્રી વસંત કેશવજી પીર** તેમજ **શ્રી મનોજભાઈ ડી.શાહ**નું અભિવાદન કરાયેલ.

આરતી કર્યા બાદ પહેડી પ્રસાદનો લાભ લઈ સર્વે છૂટા થયા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ


ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

**દિવ્યકૃપા :**
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.,
પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વજી મ.સા.

**આજ્ઞા આશિષ સહ પાવનકારી નિશ્રા :**
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**મંગલ કૃપા :**
પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

## અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૧૩૪ મી ક્રિયોદ્ધાર તિથિ, સંઘ સ્થવીરા પદ પ્રદાન તથા ચાતુર્માસ ઉદ્‌ઘોષણા...



આજથી ૧૩૩ વર્ષો પૂર્વે વિ.સં. ૧૯૪૬ ના ફાગણ સુદ ૧૧ ના પાવન દિવસે કચ્છ હાલાર દેશોદ્ધારક, અજોડ ત્યાગી, મહાતપરવી, પાલી (રાજ.) રત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મહારાજાએ પાલી રાજસ્થાન નગરે સંવેગી ત્યાગી મુનિ જીવન સ્વીકારી ક્રિયોદ્ધાર કરેલ ત્યારથી અચલગચ્છને પુનઃત્યાગી શ્રમણ-શ્રમણી ભગવંતોની વૃધ્ધિ થતી આવી.

## ૧૩૪ મી ક્રિયોદ્ધાર તિથિ એ સંઘ સ્થાવિર પદ પ્રદાન તથા ચાતુર્માસ ઉદ્‌ઘોષણા



**શુભ દિવસ :**
ફાગણ સુદ ૧૦, બુધવાર, તા. ૧-૩-૨૦૨૩ ના સવારે ૯ કલાકેથી
શુભ નિશ્રા : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ વિશાળ શ્રમણી-શ્રમણી ભગવંતો
શુભ સ્થળ : શ્રી યશોધન વર્ધમાન ૭૨' જિનાલય મહાતીર્થ, માંડવી- કચ્છ.



**પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વોદયશ્રીજી મ.સા. ને સંઘ સ્થવીરા પદ પ્રદાન અવસર તથા સં. ૨૦૭૯ ચાતુર્માસ ઉદ્‌ઘોષણા જયોત્સવ પ્રસંગે સર્વે સંઘો, મહાજનોના પ્રતિનિધિઓને સમયસર પધારવા આમંત્રણ**

ફાગણ સુદ ૧૦, ગુરૂવાર, તા. ૨-૩-૨૦૨૩ ના પૂજ્ય દાદાસાહેબની ૧૩૪ મી ક્રિયોદ્ધાર તિથિએ સૌ સંઘો, મહાજનો એ ભાવિકોએ સમુહ સ્નાત્ર, સમુહ દેશાવગાસિક તથા સામાયિક અને 'નમો આયરિયાણં' મંત્રની ૨૦ માળા જાપ, જીવદયા વગેરેના કાર્યો કરવા ખાસ ભલામણ...

**લિ. માનદ્ મંત્રીઓ**

# ભુજપુર જૈન સંઘના ઉપક્રમે પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વોદયશ્રીજી મ.સા.ને સંઘ સ્થવિરા પદવી પ્રદાન સમારોહમાં પધારવાનું આમંત્રણ

અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા શ્રી ભુજપુર જૈન સંઘના ઉપક્રમે શ્રી આદીશ્વર શત્રુંજ્યાવતાર ૭૨ જિનાલય મહાતીર્થે બિરાજમાન અધ્યાત્મ યોગ નિષ્ઠા પ.પૂ.સાધ્વી શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા ભુજપુર રત્ના, પરમતપસ્વીની, દીર્ઘ સંયમી વયોવૃધ્ધા પ.પૂ.સાધ્વી શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા આશીર્વાદ નિશ્રાએ સંઘ સ્થવિરા પદવી પ્રદાન સમારોહ પ્રસંગે શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય તીર્થે યોજાયેલ ત્રિહાન્હિકા મહોત્સવે સકલ શ્રી સંઘોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

પ્રથમ દિવસ ફાગણ સુદ ૮ સોમવાર તા.૨૭ ફેબ્રુઆરી મહાકાલી ચક્રેશ્વરી દેવી ભાવના અનુષ્ઠાન, દ્વિતીય દિવસ તા.૨૮ ફેબ્રુઆરી મંગળવાર વીશ સ્થાનક પૂજા, મહાપૂજન, તૃતીય દિવસ ફાગણ સુદ ૧૦ બુધવાર તા.૧ માર્ચ ૨૦૨૩ના પદ પ્રદાન.

આ સમારોહ અવસરે સોનામાં સુગંધ સંઘોને મળશે, તીર્થે ચાતુર્માસની આજ્ઞાના વધામણ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. કચ્છ, મુંબઈ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ મધ્યપ્રદેશના સંઘો મહાજનો તથા શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘની વિનંતીને સ્વીકારી સંઘ સ્થવિરા પદવી પ્રદાન દિન તા.૧ માર્ચ ૨૦૨૩ના રોજ ચાર્તુમાસ આજ્ઞાપત્ર પ્રદાન કરશે. જે જે સંઘો મહાજનોએ ચાતુર્માસ વિનંતી કરેલ છે તેઓએ આજ્ઞા પત્ર લેવા શ્રી સંઘના સભ્યોએ પધારવું રહ્યું. આ વર્ષે ખૂબ સરળતાથી ચાતુર્માસ સમયસર ગોઠવાઈ જતાં ઘણા સંઘો મહાજનોની વિનંતીથી ચાતુર્માસ ઉદઘોષણા જ્યોત્સવ કાર્યક્રમ ફાગણ મહિનામાં ગોઠવી શકાયું છે.

## અચલગચ્છાધિપતિ શ્રીનું અબડાસાના સાંયરા ગામે સામૈયું કરવામાં આવ્યું





અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ શિષ્ય પરિવાર સાથે અબડાસાની પાવન ભૂમિને સ્પર્શ કરતાં-કરતાં સાયરા ગામે પહોંચતા શ્રી સાંયરા જૈન મહાજનશ્રી દ્વારા વાજતે-ગાજતે દબદબાભેર શાનદાર સામૈયું કરવામાં આવેલ. પરમ પૂજ્ય સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય સાધ્વી શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ, રતિલાલભાઇ ધ્રોળ, પદમશીભાઇ લોડાયા, કલ્પેશ નાગડા, રાયચંદ ધ્રોળ, નરેન્દ્ર લોડાયા, વિપુલ મોમાયા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતા.



પ્રબોધ મુનવર તથા પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવેલ.

સંધ્યા ભોજનનો લાભ માતુશ્રી ભચીબાઇ પદમશી લોડાયા પરિવાર હસ્તે જયાબેન શાંતિલાલ લોડાયા પરિવારે લીધેલ.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# અચલગચ્છાધિપતિ પદ પ્રાપ્ત કરી પ્રથમ વખત સાંધવ પધારેલા અચલગચ્છાધિપતિશ્રીનું શાનદાર સામૈયું કરાયું





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. શિષ્ય પરિવાર સહ સાંધવ ગામે પધારતાં શ્રી સાંધવ જૈન મહાજનશ્રી દ્વારા બેન્ડપાર્ટીનાં સૂરો, શણગારેલા બેડા, શણગારેલી કચ્છી વેલ, ગહુંલીઓ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. શ્રમણ-શ્રમણી વૃંદ સાથે ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિ રહી. પૂજ્યશ્રી અબડાસા પ્રવેશનાં પ્રારંભે સૌપ્રથમ સાંધવ ગામે પધાર્યા હતા.

સામૈયામાં સાંધવ મહાજનશ્રી અધ્યક્ષ શ્રી શામજીભાઇ દંડ, ગોવિંદજી પટેલ, લહેરચંદ ખોના, ઝવેરચંદ ખોના, ચેતનભાઇ મોતા, અરવિંદભાઇ લોડાયા તેમજ મહેશ નાગડા, લલીત ખોના, રાયચંદભાઇ ડાઘા, સોમચંદભાઇ, લક્ષ્મીચંદભાઇ, ખીમજીભાઇ લોડાયા, નીતીન ધરમશી, કીર્તિભાઇ ધરમશી, મુકેશ દંડ, રાજેશ દંડ, પ્રતાપસિંહ સોઢા, રઘુભા જાડેજા ગામનાં આગેવાનો તથા આજુબાજુનાં ગામડાઓનાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સામૈયામાં ધાર્મિક નારાઓ તથા સ્તવનોની રમઝટ પ્રેમચંદભાઇ એસ. મોમાયાએ જમાવી હતી. રૂા. ૧૦૦ નું સંઘપૂજન કરવામાં આવેલ.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં સાંધવ ગામનાં ઇતિહાસની યાદ અપાવી જિનશાસનનાં થયેલા કાર્યોને બિરદાવ્યા હતા. આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ શેઠ શ્રી શામજીભાઇ નરશીં દંડ પરિવારે લીધેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કરેલ. વ્યવસ્થામાં સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ સહકાર આપેલ.

વર્ધમાનનગરથી ૫૦ શ્રાવક-શ્રાવિકાઓ પધારેલા. કોઠારા,નલીયા, સુથરી, સાયરા, જખૌ, વારાપદ્ધર, વરાડીયા, ડુમરા, સાંધાણ, દેઢીયા, ભુજ, ગાંધીધામથી શ્રાવક-શ્રાવિકાઓ આ અવસરે પધારેલ.

# કેરળ રાજ્યના બડગરા નગરે જિનાલયની ૨૫મો ધ્વજારોહણ મહોત્સવ અવસરે ધર્મ આરાધનાઓ કરાઈ





દક્ષિણ ભારત વિભાગના કેરળ રાજ્યના બડગરા નગર સંઘના જિનાલયની ૨૫મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે ૧૮ અભિષેક સહિત વિવિધ ધર્મ આરાધનાઓ વિધિકાર ભરત બોરીયાના સથવારે ભવ્યભાવથી કરવામાં આવેલ.

# કેનેડા સ્થિત હેમંત શાહ લોડાયા દ્વારા ગુજરાતી ફિલ્મ નિર્માણનો સંકલ્પ

મૂળ કચ્છના અબડાસા તાલુકાના વરાડીયા ગામનાં વતની અને મુંબઇમાં વ્યવસાય બાદ કેનેડામાં સ્થાયી થઇ ભારત-કેનેડાના વ્યાપાર સંબંધોમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હેમંત માણેકજી શાહે લોડાયા-ગુંદરવાળા કેનેડામાં ગુજરાતની કલા-સંસ્કૃતિનો વારસો સાચવવા અને કલાકારોને પ્રોત્સાહન આપવા પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું છે. તેઓએ આ સાથે ગુજરાતી ફિલ્મ બનાવવાની જાહેરાત કરી છે અને તેનું અડધું શૂટિંગ કેનેડામાં તેમજ અડધું શૂટિંગ ગુજરાત અને કચ્છમાં કરવામાં આવશે. કેનેડામાં ૪૯ વર્ષથી સ્થાયી અને મિસ્ટર ઇન્ડિયાનાં નામથી જાણીતા શ્રી શાહે એચ એન્ડ એચ સન્સ ઇન્ટરનેશનલ નામનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યા બાદ કરતાં તેમણે કહ્યું હતું કે, કેનેડામાં ઘણા વરસોથી પંજાબી ફિલ્મો બને છે, ઘણા સ્ટેજ શો પણ થાય છે, પરંતુ ગુજરાતની પ્રજા મોટી સંખ્યામાં હોવા છતાં એકપણ ફિલ્મ ત્યાં બનતી નથી. આ વિચાર પરથી મેં જાતે જ પ્રોડક્શન હાઉસ નિર્માણનો સંકલ્પ કર્યો, જે ગુજરાતી કલાકારોની, વાર્તા લેખકોની કલાને ઉજાગર કરશે. વાર્તા નક્કી થયા બાદ સ્ક્રીનપ્લે કોપીરાઇટ માટે નોંધણી કરાવવા મોકલી દેવાયેલ છે. વાર્તામાં પ્રસંગો સત્ય ઘટના પર આધારિત છે. આ ફિલ્મ કેનેડા ઉપરાંત ભારતના શહેરોમાં પણ રિલીઝ કરાશે. ઉલ્લેખનીય છે કે, શ્રી શાહે કેનેડા-ઇન્ડિયા બિઝનેસ કાઉન્સિલમાં બે વખત ડાયરેક્ટર રહી ચૂક્યા છે. ઇન્ડિયા યંગ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન રહી ચૂક્યા છે, જે ઉભરતા બિઝનેસમેનને સહાય કરે છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નલીનીબેન ખોના**
તા.૨૦ ફેબ્રુઆરી (ઉ.૮૨)
સુથરી-મુલુંડ



**પુષ્પાબેન નાગડા**
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૭૧)
તેરા-પનવેલ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



## કેડીઓ પરિવાર સંબંધિત વ્યક્તિના અવસાનની નોંધ : ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રિયાબેન શાહ**
તા.૭ ફેબ્રુઆરી (ઉ.૩૬)
પ્રેમિલા નવીન નાગડાના પુત્રી



**રાજેશભાઈ સંઘવી**
તા. ૮ ફેબ્રુઆરી (ઉ.૬૦)
રંજન મુલચંદ લોડાયાના જમાઈ



**ગીતાબેન શાહ**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૫૮)
ચંપા કાંતિલાલ લોડાયાના પુત્રી



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ મહિલા વિકાસ સંગઠન અને નખત્રાણા તાલુકા પંચાયત દ્વારા નખત્રાણા તાલુકાના મહિલા સરપંચ, ગ્રામ પંચાયતના મહિલા સભ્યો માટે ગ્રામ પંચાયતનું બજેટ અને સામાન્ય વહીવટની સમજ આપવા એક દિવસની તાલીમ નખત્રાણા તાલુકા પંચાયતના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં ૫૧ મહિલા સરપંચ અને ગ્રામપંચાયતના સભ્યો જોડાયા હતા.

● જિલ્લામાં ત્રણ યાત્રાધામનો ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આધુનિક ઢબે વિકાસ કરવામાં આવશે. આ ત્રણ પવિત્ર સ્થળોમાં માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર અને રૂદ્રાણી જાગીરને સમાવેશ થાય છે. રાજ્ય સરકારના સીધા મોનિટરિંગ હેઠળ મા આશાપુરાના સ્થાનક માતાના મઢના સર્વાંગી વિકાસ માટે રૂા.૩૩ કરોડનો વિકાસ પ્રોજેક્ટ, પશ્ચિમના છેવાડે આવેલા નારાયણ સરોવર કોટેશ્વર તીર્થધામનો વિકાસ માટે રૂા.૩૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જ્યારે ભુજ તાલુકાના રૂદ્રાણી જાગીરમાં રૂા.ચાર કરોડના વિકાસ કામો કરાશે.

● વેસ્ટર્ન નેવલ કમાન્ડ મુંબઈમાં ૧૦ કિ.મી.ની મેરેથોનમાં ૮૦ વર્ષની ઉંમરે વિજેતા થયેલા રામ આયંગર ૪૨ કિ.મી.ની મુંબઈ મેરેથોનમાં બે વાર તો ૨૧ કિ.મી.ની હાફ મેરેથોનમાં આઠ વાર ભાગ લીધો છે. આ અનોખા દોડવીર હાલે મુંબઈમાં સ્ટ્રાઈકર ગ્રુપના યુવાનોને તાલીમ આપી રહ્યા છે. તાતા નેલ્કોમાંથી નિવૃત્ત થયેલ આ દોડવીર સફેદ રણની સુંદરતા જોઈને દોડવાની દેખાડેલી ઈચ્છા તરત જ પૂર્ણ પણ કરી લીધી અને ધોળાવીરા પાસેના રન ફોર રણના સુત્ર સાથે દોડ લગાવી અનેરી ચુસ્ત સ્ફૂર્તિ દેખાડી હતી. મનમાં કંઈક કરી છૂટવાની ધગશ હોય અને મનમાં અડગ આત્મવિશ્વાસ હોય તો તમને તમારા લક્ષ્ય પ્રાપ્તિમાં કોઈ સીમાડા નડતા નથી. આ વાતને ૮૧ વર્ષીય મુંબઈના નિવૃત્ત સોફ્ટવેર નિષ્ણાત રામ આયંગરે સાબિત કરી દેખાડી.

● કચ્છની પોતિકી બોલી કચ્છી બૃહદ કચ્છના હમ વતનીઓને એક તાંતણે બાંધે છે. મુંબઈ મહાનગરમાં વસતા કચ્છીઓ પણ માતૃભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે જાગૃત થયાં છે. કચ્છી સાહિત્ય ગ્રુપના સ્થાપક અને સ્થાનકવાસી જૈન મહાજન મુંબઈના પ્રમુખ વિજ્ઞેશ ભેદાની રાહબરી હેઠળ કચ્છના સર્જકો સાથે સાહિત્ય ગોષ્ઠિનો કાર્યક્રમ યોજ્યો. જેમાં કચ્છી સર્જકોએ કચ્છી સાહિત્યની રસલ્હાણ પીરસી કચ્છી ભાવકોને તરબોળ કર્યા હતા.

● સેવા ક્ષેત્રે કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે જીવદયા પ્રેમી દાતાઓના સહયોગથી કચ્છની ૩૨ પાંજરાપોળમાં ફરજ બજાવતાં ૧૧૪૦ જેટલા કર્મચારીઓનું રૂા.૨.૧૬ લાખના ખર્ચે કુલ્લ ૫૭૦ કિલો દેશી ઘીના અડદીયાની પ્રભાવના કરવામાં આવી હતી. ગૌશાળામાં ફરજ બજાવતા ગોવાળ, ચોકીદાર, મહેતાજી, સફાઈ કામદાર વિગેરે મળી દરેક કર્મચારીઓની સેવા ભાવનાને બિરદાવી દર કર્મચારી દીઠ ૫૦૦ ગ્રામ શુધ્ધ ઘીના અડદીયાની પ્રભાવના કરવામાં આવી હતી.

● એક ઈચ્છા રાખવાથી કંઈ નથી બદલાતું, એક નિર્ણય કંઈક તો બદલે છે પણ એક નિશ્ચય ઘણું બધું બદલી નાખે છે. આ ઉક્તિ સહનશીલતા અને અડગ નિર્ણયને સાર્થક કરી અંજાર તાલુકાના નાનકડા એવા આંબાપર ગામની દીકરી કુ.જિજ્ઞા કેરણાભાઈ આહીરએ. ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ અંજારની કે.કે.એમ.ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ત્યારબાદનું ઉચ્ચ શિક્ષણ તોલાણી કોર્મસ કોલેજ આદીપુર ખાતે પૂર્ણ કર્યું હતું. બચપણથી જ ભારતીય સેનામાં જોડાવાની ઈચ્છા ધરાવતી બાલિકા કોલેજ કાળના અભ્યાસ દરમ્યાન એન.સી.સી.કેડેટ તરીકે દિલ્હીમાં આર.ડી.સી.ટ્રેનિંગ માટે પસંદગી પાત્ર થયા હતા. ૨૬મી જાન્યુઆરીની પ્રજાસત્તાક પરેડમાં ભાગ લીધો હતો. હાલે આસામ રાઈફલમાં પસંદગી પામી નાગાલેન્ડ ખાતે સૈન્ય તાલીમ લઈ રહ્યાં છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)